ક્રમાંક/બમશ/મા.૨/ધ/૯૦-૯૧/૯૭૪,
ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨ ડૉ.જીવરાજ મહેતા
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તારીખ. ૧૧-૯-૯૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય::- બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના હેડકલાર્ક સીની.કલાર્ક કે. જુની. ને ફાજલ કરવા બાબત...

ઉપર્યુકત વિષય અન્વયે જણાવવાનું કે, બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોને ફાજલ ગણી રક્ષણ આપવાની જોગવાઈ રાજ્યમાં જયારે ૧૦+૨ ની પધ્ધતિ દાખલ કરવામાં આવી ત્યારે કરવામાં આવી હતી અને વખતો વખત ઠરાવ ધ્વારા તેની મુદત લંબાવવામાં આવી હતી. આ રક્ષણ ૧૯૯૦-૯૧ ના શૈક્ષણિક વર્ષ સુધી લંબાવવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગ ધ્વારા તેના તા.૧૦-૬-૮૬ ના ઠરાવ ક્રમાંક ઉમશ/૮૪/૩૫૩૧૩-ગ થી " જયાં જયાં 'શિક્ષક' કે' શિક્ષકો' શબ્દ વાપરવામાં આવેલ હોય ત્યાં ત્યાં 'કર્મચારી' કે ' કર્મચારીઓ'શબ્દ વાપરવો તેવી જોગવાઈ કરેલ છે એટલે કે બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના તમામ કર્મચારીઓને ફાજલના રક્ષણનો લાભ આપેલ છે તે જોતાં બિન શૈક્ષણિક કર્મચારીઓને પણ ફાજલ જાહેર ગણી અન્ય સંસ્થાઓમાં સમાવવા જોઈએ તેવો અર્થ થાય છે. અને તેમને રક્ષણ આપવું જોઈએ.

પરંતુ કચેરીના ધ્યાન પર આવેલ છે કે શાળામાં વિધાર્થી સંખ્યા ઘટતા હેડ કલાર્કને સીની.કલાર્ક તરીકે પાયરી ઉતાર કરીને તેમનો પગાર નકકી કરવામાં આવે છે. પરંતુ આગળ જણાવ્યા પ્રમાણે ફાજલ પાડવાની (૧૦-૩- ની જોગવાઈ મુજબ) કાર્યવાહી 'જિલ્લા શિક્ષણાધિકારી ધ્વારા કરવામાં આવતી નથી.

આ અંગે નીચે મુજબની સુચનાઓ આપવામાં આવે છે.

૧: શાળામાં જયારે જયારે વિધાર્થીઓની સંખ્યામાં ઘટાડો થાય ત્યારે મુખ્ય કારકુન, સિનીયર કારકુન કે જુનીયર કારકુનને શિક્ષકોની જેમ ફાજલ કરવાની કાર્યવાહી કરવી અને ફાજલ તરીકેની યાદી તૈયાર કરવી.

૨ જયારે અન્ય શાળામાંથી મુખ્ય કારકુન,સિનીયરકારકુન કે જુની.કારકુનની જગા ભરવા માટે એન.ઓ.સી.માંગવામાં આવે તો તેવે વખતે આવા ફાજલ હેડ કલાર્ક, સીની.કલાર્ક કે જુની.કલાર્કને ફાજલની યાદીમાંથી ફાળવીને સમાવવા.

-// ૨ //-

૩: જ્યારે જિલ્લામાં ઉપર મુજબ ફાજલ કર્યા પછી ફાજલ કર્મચારીઓની યાદી ઉપલબ્ધ હોય ત્યારે કોઈપણ શાળાને બિન શૈક્ષણિક કર્મચારીની જગ્યા ભરતીથી ભરવા એન.ઓ.સી. આપવું નહીં.

૪: જે શાળામાં જુનીયર કલાર્ક, સીનીયર કલાર્ક કે હેડ કલાર્કની જગા વિદ્યાર્થી સંખ્યા વધવાને કારણે ઊભી થાય અને તેજ શાળાના કોઈ કર્મચારીને બઢતી નિમણુંક આપવાની થતી હોય તેવે સમયે ફાજલ કર્મચારીને તેવી શાળામાં સમાવવાના પ્રથમ હુકમો કરવા જો તેવી કક્ષાના ફાજલ કર્મચારી ઉપલબ્ધ ન હોય તો જ શાળાના બઢતી પાત્ર કર્મચારીને બઢતી આપવાની રહેશે.

૫: જો કોઈપણ હેડકલાર્ક સીની.કલાર્ક અને જુની.કલાર્કો ફાજલ કરવામાં આવ્યા હોય અને તેવા કર્મચારીને બે શૈક્ષણિક સત્ર સુધી અન્ય શાળામાં સમાવી ન શકાય તો શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૮૮-૪૬૫-ગ તારીખ. ૨૯-૧૨-૮૯ ના ઠરાવની જોગવાઈ મુજબની શરતો પરીપૂર્ણ કરતા હોય તો તેમને પુરા પગારે રક્ષણ આપવાનું રહેશે.

ઉપર મુજબની સુચનાનું ચુસ્તરીતે પાલન કરવા સુચના આપવામાં આવે છે.

સહી:-અવાચ્ય.
(એ.કે.જોતિ)
ઉચ્ચ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર.

માધ્ય.ખ-૧/૯૦-૯૧/૨૦૨
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વઢવાણનો ઉતારો, રાજકોટ
તારીખ:- ૬ /૨/૯૧

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ બીન સરકારી માધ્યમિક શાળાઓ તરફ.
જાણ તથા અમલાર્થે
તમામ સંઘો તરફ.
આ કચેરીના તમામ શિ.નિ.શ્રી,
તથા મ.શિ.નિ.શ્રી તરફ.

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ

'દવે'પ૨૯૧' 21 / [illegible]